**વડીલોને વંદન**
**અભિનંદન**



ગબાભાઈ કે. પટેલ
(૧૯૪૬) મો. ૯૯૦૪૭૮૦૩૪૭

# રાજયમાં પેટા ચૂંટણીને લઈ રાજકીય ગરમી

## લોકસભાની એક અને વિધાનસભાની નવ બેઠકોની પેટાચૂંટણી થશે : કોંગ્રેસની પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની મિટિંગ સમ્પન્ન : યાદી લઈ મોઢવાડીયા આજે દિલ્હી જશે : ઉમેદવારોની પસંદગી મામલે ભાજપની ૨૨મીએ બેઠક

અમદાવાદ, તા.૧૯

ગુજરાતમાં લોકસભાની એક અને વિધાનસભાની નવ બેઠકો માટે તા. ૧૩મી સપ્ટેમ્બરના રોજ યોજાનારી પેટાચૂંટણી માટે ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા હાથ ધરવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની પાર્લામેન્ટરી બોર્ડની આજે એક બેઠક મળી હતી. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયાના અધ્યક્ષ સ્થાને મળેલી આ બેઠકમાં આ પેટાચૂંટણીઓમાં મોટા માથાઓને જ ટિકીટ આપવાની દિશામાં સક્રિય વિચારણા કરવામાં આવી હતી પરંતુ ઔપચારિકતા પુરી કરવા સ્થાનિક કક્ષાના આગેવાનોનો પણ પેનલમાં સમાવેશ કરવાનો નિર્ણય લેવાયો હોવાનું જાણવા મળે છે.

વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, પૂર્વ પ્રદેશ પ્રમુખ સિદ્ધાર્થ પટેલ, અબડાસાના ધારાસભ્ય અને રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલ વગેરે આગેવાનોની ઉપસ્થિતિમાં મળેલી આ બેઠકમાં મુખ્યત્વે સ્થાનિક સ્તરે ભારે દબદબો અને મજબુત પકડ ધરાવતા આગેવાનોને જ ચૂંટણી મેદાનમાં ઉતારીને મહત્તમ બેઠકો પર વિજય મેળવવાની રણનીતી તૈયાર કરવામાં આવી હતી. લોકસભાની વડોદરાની બેઠક સહિત વિધાનસભાની મણિનગર, માકપસ ડિસા, આણંદ, ટંકારા, તળાજા, ભીમખેડા, ખંભાળીયા તથા માંગરોળની બેઠકો માટે કોંગ્રેસ દ્વારા ત્રણ-ત્રણ નામોની આજે પેનલ તૈયાર કરવામાં આવી હતી. આ યાદી લઈ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયા સહિત કોંગ્રેસના અન્ય આગેવાનો આવતીકાલે તા. ૨૦મી ઓગસ્ટે સાંજે દિલ્હી જશે અને આ યાદી હાઈકમાન્ડને સુપરત કરશે જ્યાંથી તા. ૨૪મી ઓગસ્ટે ઉમેદવારોના નામોની જાહેરાત થશે.

આ ઉપરાંત તા. ૨૧મી ઓગસ્ટે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અહેમદ પટેલનો જન્મ દિવસ હોવાથી તેમને શુભેચ્છા આપવા ગુજરાત કોંગ્રેસના આગેવાનો સહિત ટિકીટ વાંચ્છુઓના ધાડેધાડ દિલ્હી ઉતરી પડશે. જ્યાં અહેમદ પટેલને જન્મ દિવસની શુભેચ્છા પાઠવવાની સાથે ટિકીટ મેળવવા જોરદાર લોબીંગ પણ કરાશે તેમ સુત્રોએ જણાવ્યું હતું. દરમિયાન બીજી તરફ ભાજપે પણ પેટાચૂંટણીના ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. જેના ભાગરૂપે ભાજપના નિરીક્ષકોની એક મહિલા સહિત ત્રણ-ત્રણ સભ્યોની ટુકડી નવ વિધાનસભા તતા એક લોકસભા મત વિસ્તારોમાં આવતીકાલથી બે દિવસ માટે જશે. અને ૨૨મીએ મળનારી ભાજપની પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં નિરીક્ષકો સંભવિત ઉમેદવારોના નામોની યાદી રજુ કરશે જેના આધારે ત્રણ-ત્રણ સંભવિત ઉમેદવારોના નામોની પેનલ તૈયાર કરાશે અને તા. ૨૩મી સાંજે અથવા ૨૩મી સવારે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તથા ભાજપના પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા આ યાદી લઈ દિલ્હી જશે જ્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષ સ્થાને તા. ૨૨મીએ મળનારી કેન્દ્રિય પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં ઉમેદવારોના નામની જાહેરાત કરાશે તેમ સુત્રોએ જણાવ્યું હતું.

## સ્વામિનારાયણ ધામ ખાતે સદાય સુખી થવાની ચાવી પર વકતવ્ય

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર કોબા હાઈવે પર આવેલ સ્વામિનારાયણ ધામ ખાતે શ્રાવણ માસ દરમિયાન ચાલી રહેલ પંચ દિનાત્મક પારાયણનું ફળ આપવા માટે સ્વામિનારાયણ સંપ્રદાયના અનુભવી સત્પુરૂષ પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામી (પ.પૂ. સ્વામીશ્રી) તા. ૧૯-૮-૨૦૧૪ના રોજ રાત્રે ૯ વાગે પધારશે. ત્યારે વહાલા પ.પૂ. સ્વામીશ્રીનો 'સદાય સુખી થવાની ચાવી' એ વિષય પર અનુભવાત્મક દિવ્યવાણી તેમજ દર્શન-આશીર્વાદનો લાભ લેવા માટે ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને પધારવા અમારૂં હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## જ્ઞાન જ્યોત સંસ્થા ૧૬મો જીવનસાથી પસંદગી મેળો યોજશે

ગાંધીનગર, તા. ૧૪

જ્ઞાન જ્યોત સંસ્થા દ્વારા ગુજરાત મોચી સમાજ માટે ૧૬મો જીવનસાથી પસંદગી મેળો અમદાવાદ ખાતે યોજવામાં આવશે. જેમાં ગુજરાતી, કાઠીયાવાડી, કચ્છી, ઝાલાવાડી પરિષદ વિસ્તારના મોચી સમાજના અપરણિત યુવક-યુવતિઓ ભાગ લઈ શકશે. લગ્નોત્સુક યુવક-યુવતિઓએ પોતાનો સંપૂર્ણ બાયોડેટા શ્રીમતિ રશ્મિતાબેન ભાનુપ્રસાદ સોલંકી એ-૨૦૨, મહાવીર સ્મૃતિ સોસાયટી, પાશ્વનાથ ટાઉનશીપ વિભાગ-૯, કૃષ્ણનગર પાછળ સૈંજપુર અમદાવાદ ખાતે મોકલી આપવાના રહેશે.



### ખેડબ્રહ્મા ખાતે ધામધૂમથી મટકી ફોડના કાર્યક્રમ યોજાયા

જન્માષ્ટમીના પાવન પર્વે ખેડબ્રહ્મા શહેરમાં ગણેશ મંડળ, રાધે-રાધે મંડળ, વૃંદાવન મંડળ સહિતના દસ જેટલા મંડળો દ્વારા મટકી ફોડના કાર્યક્રમો યોજાયા હતા. નંદોત્સવ પ્રસંગે સમગ્ર શહેરમાં વાતાવરણ ધર્મમય બન્યું હતું. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા જનમાષ્ટમી પર્વ નિમિત્તે મોડાસામાં ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી



મોડાસા તા.૧૯

મોડાસા ખાતે ગઈકાલે ભગવાન શ્રી કૃષ્ણના જન્મની ધામધુમ પુર્વક ઉજવણી કરવામાં આવી હતી ત્યારે મોડાસા ની વિશ્વ હિન્દુ પરીષદ અને બજરંગ દળ દ્વારા મોડાસા ખાતે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી આ શોભાયાત્રા સાંઈ મંદીરથી પ્રસથાન કરવામાં આવ્યુ હુ તો સમગ્ર મોડાસા શહેરમાં ફેરવવામાં આવી હતી જેમાં વ્યસન મુક્તિ ના ટેબ્લેટે ખુબ આકર્ષણ જમાવ્યુ હતુ.

જયારે રાત્રે વીશ્વ હીન્દુ પરીષદ ના મેદાન ખાતે નરસીંહા સોશીયલ કલબ દ્વારા જનમાષ્ટમી પર્વ નીમીત્તે સાંસ્કૃતીક કાર્યક્રમો નુ આયોજન પણ કરવામાં આવ્યુ હતુ.

મોડાસાના ઓધારી મંદીર ખાતે આવેલ વિશ્વ હિન્દુ પરીષદના મેદાનમાં નરસિંહમા સોશીયલ કલબ દ્વારા શ્રી કૃષ્ણના જન્મ જીવનદર્શન અંગેની ઝાંખીઓ રજુ કરવામાં આવી હતી બાલ કૃષ્ણના હિંડોળા બનાવવામાં આવ્યા હતા અને નાના બાળકો દ્વારા વેશભુષાના કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.

## પૂર્વ સાંસદ પ્રસન્નવદનને મુખ્યપ્રધાનની શ્રદ્ધાંજલિ

અમદાવાદ, તા.૧૯

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ભાવનગર સંસદીય મતક્ષેત્રના પૂર્વ સાંસદ પ્રસન્નવદન મહેતાના દુઃખદ અવસાન અંગે ઉડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે.

મુખ્યમંત્રીએ સ્વર્ગસ્થ મહેતાને શ્રધ્ધાજંલિ પાઠવતા એક જાગતિક જનપ્રતિનિધિ તરીકે તેમણે આપેલી સેવાઓની સરાહના કરી છે. દરમિયાન અખીલ ભારતીય કોંગ્રેસ સમિતિના અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સચિવ અહેમદ પટેલે જણાવ્યું હતું કે, પ્રસન્નવદન મહેતા તેમના સમગ્ર જીવનકાળ દરમ્યાન ગાંધી મુલ્યોની જાળવણી અને પાલન માટે પ્રતિબધ્ધ હતા. પ્રસન્નવદન મહેતા અનેક સામાજીક અને ગાંધીવાદી સંસ્થાઓ સાથે સક્રિયપણે સંકળાયેલા હતા. રાષ્ટ્રીય કક્ષાએ સર્વન્ટ ઓફ પીપલ સોસાયટી, ગાંધી સ્મૃતિ સંસ્થાન, સોમનાથ મંદિર ટ્રસ્ટ સહિત અનેક સંસ્થામાં જીવનભર યોગદાન આપ્યું હતું.

પૂર્વ સાસંદ પ્રસન્નવદન મહેતાના નિધન અંગે ઘેરાશોકની લાગણી વ્યક્ત કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયા, શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે પ્રસન્નવદન મહેતા જુની પેઢીના પ્રતિબધ્ધ આગેવાન હતા તેમના નિધનથી ગુજરાતે મુલ્યનિષ્ઠ આગેવાન ગુમાવ્યા છે.

## મોડાસાના તીર્થેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં બરફના શિવલીંગનું નિર્માણ

મોડાસા, તા. ૧૯

મોડાસા માલપુર માર્ગ પર સ્થિત સાંઈ મંદિરના સાંઈ ભક્તો દ્વારા તીર્થેશ્વર મહાદેવ મંદિર પસિસરમાં ૧૦૮ માટીના અને બરફના શિવલીંગ બનાવવામાં આવ્યા નિમિત્તે બરફના અમરનાથના આબેહૂબ શિવલીંગનું નિર્માણ કરવામાં આવે છે. આ વર્ષે પણ બરફના બાબા અમરનાથ શિવલીંગ તેમજ ૧૦૮ માટીના શિવલીંગ બનાવવામાં આવ્યા હતા.



(તસવીર : જય અમીન, મોડાસા)

હતા. શ્રાવણ માસમાં શિવલીંગના દર્શન માટે મોટી સંખ્યામાં શિવભક્તો મંદિરે ઉમટ્યા હતા. મોડાસા શહેરના માલપુર માર્ગ પર આવેલ તળાવ પાસે આસ્થાના પ્રતિક એવા સાંઈબાબા મંદિર પરિસરમાં જ તીર્થેશ્વર મહાદેવનું મંદિર આવેલ છે. જ્યાં શ્રાવણ માસ શિવમંદિરમાં બરફના પહાડોનું નિર્માણ કરવામાં આવતા પુષ્પ-પાંખડીઓ અને ફૂલહારથી શણગારી તેમજ રંગબેરંગી રોશની કરી ખુબ જ સુંદર આબેહૂબ અમરનાથનો માહોલ ઉભો કરવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં શિવ ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા.

## રાજયમાં હવે સોશ્યલ સેક્ટર સંબંધિત સેમિનાર યોજવા વિભાગોને સૂચના અપાઈ

ગાંધીનગર, તા. ૧૯

રાજ્ય સરકારે હવે સામાજીક ક્ષેત્રના વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રીત કરીને સોશ્યલ સેક્ટર સંબંધિત સેમીનાર યોજવા માટેની વિભાગોને સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. રાજ્યનો સર્વાંગી વિકાસ થાય અને માનવ સૂચાંક પણ વધે તે માટે હવે રાજ્ય સરકારે સામાજીક ક્ષેત્ર પર ભાર મુક્યો છે. અને આ માટે હવે રાજ્યમાં સોશીયલ સેક્ટર સંબંધીત સેમીનારો યોજવા માટેની કાર્ય યોજના ઘડી કાઢી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં ઉચ્ચ અધિકારીઓની એક બેઠક મળી હતી. જેમાં સોશ્યલ સેક્ટર સંબંધીત સેમીનાર અંગે ચર્ચાઓ હાથ ધરવામાં આવી હતી. જેમાં પાણી સમિતિ સંબંધિત સેમીનાર ખૂબ જ સફળ રહ્યો હોવાનો મત વ્યક્ત કરવામાં આવ્યો હતો.

પાણી સમિતિ સંબંધિત સેમિનારને મળેલી સફળતાને ધ્યાને રાખીને રાજ્ય સરકારે મહિલા રોજગારીની થીમ ઉપર રોજગાર મેળા તેમજ મુખ્યમંત્રી અમૃતમ યોજના અંગેના સેમિનાર યોજવા માટે પણ સંબંધિત વિભાગોને સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ વન અને પર્યાવરણ વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે એક સેમિનાર યોજવા માટેનું આયોજન કરવામાં આવ્યું હોવાનું આદિજાતિ વિકાસ વિભાગના અગ્ર સચિવે આ બેઠકમાં જણાવ્યું હતું.

વિભાગો દ્વારા યોજવામાં આવનારા સોશ્યલ સેક્ટર સંબંધિત સેમિનાર રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ ગતિશીલ ગુજરાત લક્ષ્ય-૧૦૦ દિવસ અંતર્ગત યોજવામાં આવે તેવું આયોજન કરવા માટે પણ વિભાગોને સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

## ટેટની પરીક્ષાના ગુણપત્રકો મેળવવા જોગ

માધ્યમિક શિક્ષકની પસંદગી માટે ટેટ-૨૦૧૪ ની પરીક્ષા તા. ૨૭મી જુલાઈ, ૨૦૧૪ના રોજ લેવામાં આવી હતી. શિક્ષક અભિયોગ્યતા કસોટી પરિણામના ગુણપત્રકોનું વિતરણ જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય, એસ.ટી. ડેપોની સામે, સે. ૭ ના બદલે હવે વિતરણ કેન્દ્ર વિવેકાનંદ વિદ્યાલય, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતેથી કરવામાં આવનાર છે.

ગુણપત્રકો સ્વામી વિવેકાનંદ વિદ્યાલય, સેક્ટર-૧૩ ખાતેથી સવારના ૧૦.૩૦થી બપોરના ૪.૦૦ કલાક સુધી મળશે. જેમાં તા. ૨૦ અને ૨૧ મી ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ ગુજરાતી, ચિત્ર અને કૃષિ વિષયના ગુણપત્રકો આપવામાં આવશે. તેમજ તા. ૨૨ અને ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ સામાજીક વિજ્ઞાન અને કોમ્પ્યુટર વિષયના ગુણપત્રકો અને તા. ૨૬ અને ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૪ ના રોજ હિન્દી, શારીરિક શિક્ષણ, ગણિત અને વિજ્ઞાન વિષયના ગુણપત્રકો આપવામાં આવનાર છે. તા. ૨૮ અને ૨૯મી ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ અંગ્રેજી અને સંસ્કૃત વિષયના ગુણપત્રકો આપવામાં આવશે, તેવું જિલ્લા શિક્ષણાધિકારી, ગાંધીનગરે અખબારી યાદીમાં જણાવ્યું છે.

## મનપાની લાલ આંખ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૯૪૯ ની કલમ ૨૯૦ થી ૨૯૭ ની જોગવાઈ મુજબ મ્યુનિ. કમિશનરશ્રીએ તમામ નગરજનોને રહેઠાણના સ્થળે બંધ ઢાંકણવાળી હેન્ડલથી બંધ શઈ શકે તેવી બે અલગ-અલગ કચરાપેટીઓ રાખવા તેમજ સ્વચ્છતા જાળવવા જણાવ્યું છે.

પુનઃ સુવ્યછતા સ્થાપન કરવાની કામગીરીના ભાગરૂપે જે તે કસુરવાર પાસેથી પ્રથમ વખત વહીવટીય ચાર્જ વસુલ થશે તેમજ બીજાવારનું કૃત્ય થયેથી બમણાદરે અને ત્રીજીવારનું કૃત્ય થયેથી ચાર ગણા દરે વહીવટી ચાર્જ વસુલ કરાશે.

ગાંધીનગર મહાનગરપાલિકાએ આ ઠરાવ ૨૦૧૦માં મંજૂર કર્યો હતો પરંતુ સોલિડવેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત તેનો ડીપીઆર તૈયાર કરી હવે અમલીકરણની દિશામાં મહત્વના પગલાં ભર્યા છે. શહેરના લગભગ તમામ સેક્ટરોમાં ડોર ટુ ડોર કચરાના એકત્રીકરણની કામગીરીનો આરંભ થઈ ગયો છે. હવે તંત્રએ દંડનીય કાર્યવાહી કરવાનું પણ મન બનાવી લીધુ છે. શહેરમાં સ્વચ્છતાની કામગીરીને અસરકારક બનાવવાની દિશામાં આ મહત્વનું પગલું છે.

## સાબરમતીને...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરંતુ વર્તમાનકાળમાં નદીને લોકમાતા માની ફકત એક જળનો સ્ત્રોત સમજીને પાણીનો અજ્ઞાનપૂર્વક તે પ્રવાહને તોડી નાખવાના (ધરોઈ ડેમ બાંધવાને) લીધે સમસ્યા દર વર્ષે સર્જાય છે. તેના લીધે નદી કાંઠાના વિસ્તારમાં જળસ્તર દીન પ્રતિદિન નીચું જાય છે અત્યારે તો પાંચથી સાત કિલોમીટરના અંતર સુધી જોવા મળે છે. ત્યારબાદ આ વ્યાપ વધતો જશે. પાણીના સ્તર ખુબ જ ઉંડા જતા રહેશે.

આ સમસ્યાઓને ધ્યાનમાં લઈ સાબરમતી નદીના તટ તેમજ આજુબાજુ વસતા સર્વે ગ્રામજનોની ફરજમાં આવે છે કે તેઓએ પ્રાકૃતિક રીતે આપણને જન્મજાત મળેલા આ વારસાને યથાવત રાખવા અને જેવી રીતે આપણને આપણા પૂર્વજોએ આ વારસો આપ્યો હતો તેવી રીતે આપણે આપણી પેઢીને વારસો આપીએ તે રીતે સાબરમતી નદીને પુનઃ તેના મુળ સ્વરૂપે ચોમાસામાં વહી જતા પાણી સિવાય પણ ચાલુ રહે તેના માટે એક નિશ્ચિત વ્યવસ્થા દ્વારા સાબરમતીના મૂળ પ્રવાહને પ્રવાહીત કરવા માટે સરકાર તેમજ નદી કાંઠા પર વસવાટ કરનાર તમામ જીવો સહકાર આપશે. તેમ પણ તેમણે રજૂઆતમાં જણાવ્યું છે.

## શબ્દાવલી - ૫૪૮૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ■ | ૪ | ૫ |
| ૬ | | ■ | | ■ | ૭ | | |
| | ■ | ૮ | | | | ■ | ■ |
| ૯ | ૧૦ | | | ■ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ■ | ૧૪ | | ■ | ૧૫ | ■ | ૧૬ | |
| ૧૭ | | ■ | ૧૮ | | ■ | ૧૯ | |
| | ■ | ૨૦ | | | ૨૧ | ■ | |
| ૨૨ | | | ■ | ૨૩ | | | ■ |

### આડી ચાવી

૧. ભરૂચમાં એક જોવાલાયક વિખ્યાત સ્થળ (૫)
૪. માલિક (૨)
૬. ધન્ય, .... થઇ જવું (૨)
૭. કલેજુ, કલેવર (૩)
૮. ... કરવું, એકત્ર કરી ગોઠવવું (૪)
૯. નમનની મુદ્રા, કરવા (૪)
૧૧. સેલ્યુટ, ... કરવી, સલામી(૩)
૧૪. સોમ-મંગળ, બુધ વગેરે... છે (૨)
૧૬. નમેલું (૨)
૧૭. રિક્ત (૨)
૧૮. મુગટ, મુકુટ (૨)
૧૯. શરીર પર કુદરતી કાળા જીણા ટપકા (૨)
૨૦. કર્ણ (કુન્તી પુત્ર) ને મળેલ બિરુદ (૪)
૨૨. હરાજી (૩)
૨૩. દુનિયા, જગ (૩)

### ઊભી ચાવી

૧. લગ્નમાં દીકરીનો હાથ જમાઇને સોંપવો (૪)
૨. ખરીદી કર્યા પછી... લેવું જોઇએ (૨)
૩. કાપડ વણવાનું કામ કરે તે(૪)
૪. કલંક, ખોટો આરોપ (૨)
૫. એક સુકો મેવો (૨)
૭. ધાર કાઢવાનું લોખંડનું ઓજાર (૩)
૮. બાળકને જેવા... આપે તેવાજ બાળકો થાય (૩)
૧૦. રખડું, ટપોરી (૩)
૧૨. ધિક્કાર (૩)
૧૩. ગરજુડા, સ્વાર્થી (૪)
૧૫. .... સાથે વરસાદ પડે, ગર્જના (૪)
૧૭. નાનો ખાટલો (૩)
૧૮. જોસ, જોમ, જુસ્સો (૨)
૨૦. પૈસા, ધન (૨)
૨૧. નાડી, નસ

### શબ્દાવલી ૫૪૭૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) નાશકારક (૫) વ્યાસ (૭) સીમાન્ત (૮) સાનુકૂળ (૯) સઇ (૧૦) સમાજ (૧૨) વારતા (૧૩) શનેડો (૧૫) ફેશન (૧૭) ફરક (૧૮) સમ (૨૦) સરતચૂક

**ઊભી ચાવી :-** (૧) નાસીપાસ (૨) શમા (૩) કાન્ત (૪) કસાઇવાડો (૫) વ્યાકૂળતા (૬) સળ (૧૧) જશન (૧૪) ચકમક (૧૫) ફેંસલો (૧૬) શમન (૧૭) ફજેત (૧૯) જસ



શ્રાવણ વદ-૭ શિતળા સાતમની તલોદ ખાતે આવેલ મહાદેવ મંદિર અને કૃષ્ણ મંદિરમાં ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. (તસવીર : દશરથ વણઝારા, તલોદ)

## રક્તદાન દ્વારા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

સેક્ટર-૨૧માં ચ-૬ કોર્નર પાસે આવેલ વૈજનાથ મહાદેવ ખાતે ઘણા વર્ષોથી મંદિરના ટ્રસ્ટીગણ, સેક્ટર-૪ ના સહયોગ મંડળ અને સીનીયર સીટીઝન કાઉન્સિલ દ્વારા રક્તદાન શિબિર યોજીને સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ સેવા કાર્યમાં વૈજનાથ યુવક મંડળના યુવા મિત્રો તેમની સેવાઓ આપે છે. તેમજ રક્ત એકત્ર કરવાની સેવા સિવિલ હોસ્પિટલના સ્ટાફ અને રેડક્રોસ સોસાયટી દ્વારા અપાય છે. આ વર્ષે આ શિબિરમાં ૧૦૦ બોટલ રક્ત એકત્ર કરીને ૬૮માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણીમાં ભવ્ય યોગદાન આપવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નીમાવત)

## રોગચાળાનો ભય

● અનુસંધાન પહેલાનું ચાલુ

સૂચવી દીધાનું જાણવા મળેલ છે.

જો કે શહેરમાં વાઈરલ ફિવરના દર્દીઓની વધતી જતી સંખ્યાને લઈ તંત્ર હવે એક જનજાગૃતિ સપ્તાહની ઉજવણી કરવાનું વિચારી રહ્યું હોવાની વાતો ચર્ચાઈ રહી છે.

ચોમાસાની ઋતુમાં સ્વચ્છતા અત્યંત આવશ્યક છે જેની ઉદાસીનતાએ સમગ્ર શહેરના આરોગ્ય સામે ખતરાની ઘંટડી બજાવી હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.


## જાહેર નિવેદન

આ સાથે જાહેર જનતાને વિદિત કરવામાં આવે છે કે, 'સ્ટેટ લેવલ એન્વાયરોન્મેન્ટલ ઈમ્પેક્ટ એસેસ્મેન્ટ ઓથોરીટી' પર્યાવરણ ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર - ૩૮૨૦૧૦ દ્વારા તેઓના પત્રક્રમાંક : SEIAA/GUJ/EC/8(a)/81/2014 તારીખ : ૨૨/૭/૨૦૧૪ દ્વારા પ્રસ્તાવિત બાંધકામની યોજના 'સિદ્ધરાજ ઝોલ્ડ - ૩ બીએચકે લો રાઈઝ રહેણાંક ફ્લેટ', કે જે સર્વે નં. ૪૬૪, ૪૬૫, ઓપી/એફપી નં. ૪૬૪+૪૬૫, ટીપીએસ નં. ૦૯, ગામ : સરગાસણ, જિલ્લા - ગાંધીનગર ખાતે મેસર્સ સી.આર.પી. એસોસીએટ્સને S.O. 1533, EIA નોટીફીકેશન ૨૦૦૬ના જાહેરનામા મુજબ એન્વાયરોન્મેન્ટલ ક્લીયરન્સ માટે અનુમતિ આપવામાં આવેલ છે. ઉપરોક્ત અનુમતિની નકલો ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કચેરીમાં ઉપલબ્ધ છે અને સદર અનુમતિને SEIAA/SEAC/GPCBની વેબસાઈટ પર પણ મુકવામાં આવેલ છે.

સહી/-
**ચૈતન્ય પટેલ - ભાગીદાર**
**'સિદ્ધરાજ ઝોલ્ડ'**
**૧૧૭, પહેલો માળ, સુમન સીટી,**
**સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨ ૦૧૧**